ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૬/૨૨-૨૩/ 827 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૬/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી વ્રજલાલ ડી.ગોહિલ,**
**કાળીયાબીડ, વિરાણી સર્કલ,**
**૨૦૩, રાધીકા કોમ્પ્લેક્ષ,**
**ભાવનગર.**

**મો.નં-૯૯૧૩૩૬૪૦૮૨**

**વિષય : બંધ ઘરમાં વિજ વપરાશનું બિલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૦૨/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૦૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૬/૨૨-૨૩/૫૫૦ તા.૧૩/૦૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૬/૨૨-૨૩/e-૧૧૩૫૦૯ તા.૧૭/૦૩/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૬/૨૨-૨૩/૭૧૮ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

O/C

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કાળીયાબીડ.**

P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૯૬/૨૨–૨૩</u>** ☜

વાદી :– **શ્રી વ્રજલાલ ડી.ગોહિલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૧૮/૦૪/૨૦૨૩</u>** ◈

હાજર રહયા :– **શ્રી વ્રજલાલ ડી.ગોહિલ (વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી** વાય. આર. જાડેજા, **કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વ્રજલાલ ડી.ગોહિલ, મું.ભાવનગરની બંધ ઘરમાં વિજ વપરાશનું બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૬/૨૨–૨૩/e-૧૧૩૫૦૯ તા.૧૭/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૩/૦૪/૨૦૨૩ તથા</u>** **<u>તા.૧૮/૦૪/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી વ્રજલાલ ડી ગોહિલ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય. આર. જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત છે કે અમોને ચાર માસ ઓકટો–૨૦૨૨ થી જાન્યુઆરી–૨૦૨૩ સુધી મકાન બંધ હોવા છતાં, વિજવપરાશના બિલો આપવામાં આવ્યા છે, અને અમારી જમા રકમમાંથી વસુલી લીધેલ છે.

૧.૨ ઉપરોકત વિષય પર બે બુનીયાદ વિજ વપરાશની વસુલાત કરવાનો જુલમ કરવામાં આવેલ છે. તો, આવા ખોટા બિલોથી થયેલ વસુલાતની રકમ મને પરત આપવા નમ્ર વિનંતી છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ ખાતે વિજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબ છે.

Consumer Name – Gohil Vrajlal Dayalbhai

Address – 2nd Floor, Plot No.203, CM/16, Radhika Complex, Kaliyabid

Consumer No. - 84443203036

Connection Date – 31.10.2012

Tariff – RGPU

Contracted Load – 1 KW

૨.૨ અરજદારશ્રીની CGRF સમક્ષની તા.૦૯/૦૨/૨૦૨૩ ની રજૂઆતના અનુસંધાને સદર વિજ જોડાણના વિજ બિલોની સ્પષ્ટતા નીચે મુજબ છે.

૨.૩ જુન–જુલાઈ–૨૦૨૨ નું બિલ રીડીંગ પ્રોગ્રામ મુજબ તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ થયેલ છે જે રીડીંગ મુજબ ૧૪૦ યુનિટનું વિજ બિલ રૂા.૯૪૯/– આપવામાં આવેલ છે. પરંતુ, ખરેખર બિલ રૂા.૯૫૫/૪૭ નું બનતું હતું. કારણ કે, બિલ પ્રિન્ટ થઈ ગયેલ અને ફયુઅલ ચાર્જમાં રૂા.૨/૫૦ માંથી રૂા.૨/૬૦ થયેલ. જેથી, બિલની રકમમાં ફેરફાર આવેલ. આમ, જુન–જુલાઈ–૨૦૨૨ નું કુલ વિજ બિલ રૂા.૯૫૫/૪૭ નું બનેલ. જેમાં, પાછલી જમા રકમ રૂા.૨/૯૯ બાદ કરતા કુલ વિજ બિલ રૂા.૯૫૨/૪૮ બનેલ હતું જે ભરપાઈ કરવા પાત્ર હતું. જેની સામે અરજદારશ્રી દ્વારા તા.૨૩/૦૮/૨૦૨૨ ના રૂા.૩૩૬૦/– ભરપાઈ કરેલ છે.

૨.૪ ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ નું બિલ રીડીંગ પ્રોગ્રામ મુજબ તા.૨૫/૦૯/૨૦૨૨ ના રોજ થયેલ છે. જે રીડીંગ મુજબ ૧૦૭ યુનિટનું વિજ બિલ રૂા.૭૩૩/૩૬ આપવામાં આવેલ છે. આમ, ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ નું કુલ વિજ બિલ રૂા.૭૩૩/૩૬ નું બનેલ. જેમાં, પાછલી જમા રકમ રૂા.૨૪૧૭/૮૧ બાદ કરતા, કુલ વિજ બિલ રૂા.–૧૬૮૪/૪૫ જમા રકમનું બનેલ હતું અને માસ ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ ના અંતે વ્યાજ જમા થતા કુલ જમા રકમ રૂા.–૧૭૦૧/૧૪ થયેલ.

૨.૫ ઓકટો–નવે–૨૦૨૨ નું બિલ રીડીંગ પ્રોગ્રામ મુજબ તા.૨૮/૧૧/૨૦૨૨ ના રોજ થયેલ છે. જે રીડીંગ મુજબ ૧૮૦ યુનિટનું વિજ બિલ રૂા.૧૨૪૫/૪૫ આપવામાં આવેલ છે. આમ, ઓકટો–નવે–૨૦૨૨ નું કુલ વિજ બિલ રૂા.૧૨૪૫/૪૫ નું બનેલ. જેમાં, પાછલી જમા રકમ રૂા.૧૭૦૧/૧૪ બાદ કરતા, કુલ વિજ બિલ રૂા.–૪૫૫/૬૯ જમા રકમનું બનેલ હતું અને માસ ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ ના અંતે વ્યાજ જમા થતા કુલ જમા રકમ રૂા.–૪૬૬/૬૯ થયેલ.

૨.૬ ડિસે–જાન્યુ–૨૦૨૨ નું બિલ રીડીંગ પ્રોગ્રામ મુજબ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ થયેલ છે. જે રીડીંગ મુજબ ૨૦૨ યુનિટનું વિજ બિલ રૂા.૧૪૨૫/૩૦ આપવામાં આવેલ છે. આમ, ડિસે–જાન્યુ–૨૦૨૩ નું કુલ વિજ બિલ રૂા.૧૪૨૫/૩૦ નું બનેલ. જેમાં, આપની પાછલી જમા રકમ રૂા.–૪૬૬/૬૯ બાદ કરતા, કુલ વિજ બિલ રૂા.૯૫૮/૬૧ રકમનું બનેલ હતું જે ભરપાઈ કરવા પાત્ર છે. જેની સામે અરજદારશ્રી દ્વારા તા.૦૭/૦૨/૨૦૨૩ ના રૂા.૯૮૦/– ભરપાઈ કરેલ છે. આમ, કુલ હાલ રૂા.૨૧/૩૯ જમા રહેલ છે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૨.૭ વધુમાં, સદર ગ્રાહકના મીટરનો એમ.આર.આઈ.રીપોર્ટના બિલીંગ પેરામીટર નીચે મુજબ છે.

| Sr.No | As Per MRI | | As Per Billing | |
|---|---|---|---|---|
| 1 | Date | Cumm KWH | Date | Cumm KWH |
| 2 | 01.08.2022 | 4072.53 | 26.07.2022 | 4060 |
| 3 | 01.10.2022 | 4178.96 | 25.09.2022 | 4167 |
| 4 | 01.12.2022 | 4356.28 | 28.11.2022 | 4347 |
| 5 | 01.02.2023 | 4580.83 | 25.01.2023 | 4549 |

૨.૮ આમ, ઉપરોકત ઉપલબ્ધ વિગત મુજબ સદર ગ્રાહકશ્રી ગોહિલ વ્રજલાલ દયાળભાઈ ગ્રાહક નં–૮૪૪૪૩/૨૦૩૦૩/૬ ને પેટા વિભાગીય કચેરી કાળીયાબીડ દ્વારા આપવામાં આવેલ દરેક બિલો મીટરમાં નોંધાયેલ KWH યુનિટ મુજબ જ છે. જે ગ્રાહકને કંપનીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી વ્રજલાલ ડી.ગોહિલ, રહે.ભાવનગર દ્વારા તેમના ઘર વપરાશના વિજ કનેકશન નં–૮૪૪૪૩/૨૦૩૦૩/૬ માં ઓકટો–૨૦૨૨ થી જાન્યુ–૨૦૨૩ ઘર બંધ હોવા છતાં, વપરાશના બિલો પ્રતિવાદી દ્વારા આપી વસુલાત કરતા તે રકમ પરત આપવા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી ધ્યાને લઈ રૂબરૂ સુનાવણી માટે વાદીને ફોરમ દ્વારા નોટીસ પત્ર નં–૧૧૩૫૦૯ તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ હાજર રહેવા તેમજ નોટીસ પત્ર નં–૭૧૮ તા.૦૫/૦૪/૨૦૨૩ થી તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ ફોરમ સમક્ષ સુનાવણીમાં હાજર રહેવા નોટીસ પાઠવેલ. જે વાદીને મળેલ છે. પરંતુ, વાદી હાજર રહેલ નથી. બંને સુનાવણીમાં પ્રતિવાદી હાજર રહી તેમની લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રતિવાદીની અરજી મુજબ વાદીનો બિલીંગ રેકર્ડ નીચે મુજબ છે.

| ક્રમ | માસ | બિલીંગ તારીખ | વપરાશ | રકમ રૂા. | ભરપાઈ કરેલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | જુન–જુલાઈ–૨૦૨૨ | ૨૬/૦૭/૨૦૨૨ | ૧૪૦ | ૯૫૫/૪૭ | ૩૩૫૦/– |
| ૨ | ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ | ૨૫/૦૯/૨૦૨૨ | ૧૦૭ | ૭૩૩/૩૬ | |
| ૩ | ઓકટો–નવે–૨૦૨૨ | ૨૮/૧૧/૨૦૨૨ | ૧૮૦ | ૧૨૪૫/૪૫ | |
| ૪ | ડિસે–જાન્યુ–૨૦૨૩ | ૨૫/૦૧/૨૦૨૩ | ૨૦૨ | ૧૪૨૫/૩૦ | ૯૮૦/– |

આમ, ઉપરોકત બિલીંગ રેકર્ડ જોતા,વાદીના વિજ મીટરમાં દરેક બિલીંગ સમયે વિજ વપરાશ થયો હોવાનું માલુમ પડેલ છે. જે તેણે ભરેલી રકમ સાથે એડજસ્ટ કરી આપેલ છે તેમજ પ્રતિવાદીએ રજૂ કરેલ એમ.આર.આઈ.રીપોર્ટ અને બિલીંગના પેરામીટર ને જોતાં, વિજ સ્થાપન પરનો લોડ પણ મેચ થાય છે અને કોઈ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

અનિયમિતતા જણાતી નથી. આમ, પ્રતિવાદીની બિલીંગ કાર્યવાહી અને આપવામાં આવેલ બિલો નિયમોનુસાર ના છે.

૩.૪ વાદીને પોતાની રજૂઆત કરવા ફોરમ દ્વારા બે વાર નોટીસ આપી જાણ કરવામાં આવેલ. પરંતુ, વાદી હાજર રહેલ નથી કે મુદત અંગે કે અન્ય કોઈ લેખિત રજૂઆત કરેલ નથી.

૩.૫ તારણ નં–૩.૩ અને ૩.૪ ને ધ્યાને લેતાં, પ્રતિવાદીની બિલીંગ કાર્યવાહીમાં કોઈ ક્ષતિ જણાતી ન હોઈ, વાદીની અરજી રદ કરી દફતરે કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૮/૦૪/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar